
ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# દિલ્હી-મુંબઈ હાઈ-વેની જગ્યાએ વસેલું સિટી વિશ્વના નકશામાં કેદ

## વાયબ્રન્ટ સમિટમાં આ વખતે ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન્સનો રેકોર્ડ સર્જાશે

ગુજરાતના પ્રથમ ચીફ મિનિસ્ટર ડો.જીવરાજ મહેતાએ અમદાવાદથી ૨૫ કિલોમીટર દૂર ૫૫૦૦ હેક્ટરમાં ગાંધીનગર બાંધવાની જાહેરાત કરી હતી



(તસવીર : દિપક જાની)

પરંતુ તેમાં મહત્વનો રોલ અદા કર્યો હતો હરગોવિંદ મેવાડાએ, કે જેમણે ગાંધીનગરનો પ્લાન બનાવ્યો હતો. ગાંધીનગર માટે પસંદ કરાયેલા વિસ્તારમાંથી મુંબઈ-દિલ્હીનો હાઈવે પસાર થતો હતો. જાન્યુઆરી-૧૯૬૫માં ગાંધીનગરના મુખ્ય ટાઉન પ્લાનર તથા આર્કિટેક્ટ તરીકે હરગોવિંદની પસંદગી કરવામાં આવી હતી, જે ચંદીગઢના ટાઉનપ્લાનર કોર્બુસિએના મદદનીશ રહી ચૂક્યા હતા. મેવાડાએ વડોદરાની કલાભવન ઈન્સ્ટીટ્યુટમાં આર્કિટેક્ચર ભણ્યા પછી અમેરિકાની કોર્નેલ યુનિવર્સિટીમાં આર્કિટેક્ટની તેમજ ઈલિનોઈસ યુનિવર્સિટીમાં ટાઉન પ્લાનિંગની માસ્ટર ડીગ્રી મેળવી હતી. આજના સિટીના પહોળા

## અમેરિકાના એનઆરઆઈ ગુજરાત ભણી, પાટનગરના મહેમાન બનશે

## 'મેઈક ઈન ગુજરાત' મહેમાનોના સ્વાગત માટે તો 'મેઈડ ઈન ફોરેન'

### ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

**૨૨,૦૦૦ એમઓયુનો ટારગેટ રખાયો ...**

ગુજરાત વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં આ વખતે સૌથી વધુ વિક્રમી ૨૨૦૦૦ કરતાં પણ વધારે એમઓયુ સાઈન થશે તેવો નિર્દેશ આપતાં ઉદ્યોગ વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે કુલ એમઓયુ-ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન પૈકી ૧૭૦૦૦ તો માત્ર માઈક્રો-લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટેના હશે, જે મોદીના મેઈક ઈન ઈન્ડિયા કેમ્પેઈનને અનુરૂપ છે. છેલ્લી છઠ્ઠી વાયબ્રન્ટ સમિટમાં સરકારે મૂડીરોકાણ નહી પણ નોલેજ માટેના એમઓયુ સાઈન કર્યા હતા જેની સંખ્યા ૧૭૭૦૦ હતી. એ પહેલાં ૨૦૧૧માં વાયબ્રન્ટ સમિટમાં ૮૩૦૦ એમઓયુ સાઈન કરવામાં આવ્યા હતા અને તેમાં ૨૦.૮૦ લાખ કરોડનું મૂડીરોકાણ અંદાજવામાં આવ્યું હતું....

**૨૦,૦૦૦ એનઆરઆઇને ગુજરાત કાર્ડ ...**



માર્ગો અને આયોજનબદ્ધ આવાસો તેમને આભારી છે. હકીકતમાં જોવા જઈએ તો દિલ્હી-મુંબઈના હાઈવે ઉપર વસેલું શહેર આજે આખા વિશ્વના નકશામાં કેદ થઈ ચૂક્યું છે...

ગાંધીનગરમાં ૭ થી ૯ જાન્યુઆરી દરમ્યાન યોજવામાં આવી રહેલા પ્રવાસી ભારતીય દિવસને અનુલક્ષીને બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન તરફથી

● અનુસંધાન પાન-૭ પર

# અતિતના અનુસંધાન અને ભવિષ્યની ચિંતામાં આપણે તુટી ગયા છીએ : પૂજ્ય મોરારીબાપુ



(તસવીર : દિપક જાની)

## જીવનને શાનદાર અને જાનદાર રીતે જીવવા વિચાર, વિવેક-વૈરાગ્ય અને વિશ્વાસ અનિવાર્ય : વિરોધ, વિશાદ અને અપેક્ષા વગરનું જીવન શાનદાર હોય છે

ગાંધીનગર, તા. ૪

અતિતના અનુસંધાન અને ભવિષ્યની ચિંતામાં આપણે તુટી ગયા છીએ. સમાજમાં મોટા ભાગના માણસો વિચારમાં જીવે છે. વિચારો આપણી મોટી મુડી છે. પરંતુ વિચારોની સ્વીચ આપણા હાથમાં હોય તો જ શાનદાર જીવી શકાય. વિચારો માટે બંધિયાળ પણ ન રહેવું જોઈએ અને જડવિચારોમાંથી બહાર આવવુ તે પણ અગત્યની બાબત છે. સમાજમાં લેબલવાળા માણસો મળે છે પરંતુ લેવલવાળા મળતા નથી. શાનદાર અને જાનદાર જીવવા માટે જાણીતા કથાકાર પુ. મોરારીબાપુએ વિવિધ ૯ મુદ્દાઓ તરફ ધ્યાન કેન્દ્રીત કરતા જણાવ્યું હતું. વ્યક્તિ વિચાર, વિશ્વાસ, વિવેક, વૈરાગ્ય અને ત્યાગની ભાવના સાથે શાનદાર જીવી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

# પ્રવાસી દિન-વાઈબ્રન્ટના પગલે તમામ રીક્ષાઓ-જીપો સદંતર બંધ કરી દેવાશે

### શટલીયા સહિત તમામ રીક્ષાઓ-જીપોને તા. ૭ થી ૧૩ દરમિયાન બંધ કરી દેવા પોલીસ તંત્રમાં મૌખિક આદેશો : લારી ગલ્લાં, કિટલીવાળાઓ ને તો હટાવી દેવાયા જ છે : રોજગારી છીનવીને કરાતાં તાયફા શું વિકાસ આપશે તેવો આમ આદમીનો મુંઝવતો પ્રશ્ન

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટ અને તેના પૂર્વ યોજાનાર પ્રવાસી ભારતીય દિવસ અને સમિટ બાદ યોજાનાર પ્લાસ્ટો ઈન્ડીયાના આયોજનના કારણે સમગ્ર નગર જાણે કે નવા સાજ શણગાર સજીને નવોઢાની જેમ તૈયાર થઈ રહ્યુ છે. આ હાઈ પ્રોફાઈલ રાજકિય કાર્યક્રમોના પગલે શહેરમાં આવનારા દિવસોમાં સામાન્ય નાગરિક માટે કયાંથી જવું, કયાં ના જવું વગેરે બાબતે ભારે અવઢવ અને મુશ્કેલીઓ ઉભી થવાની છે. એટલું જ નહિ આ વિકાસ તરફ દોટ મુકવાના દાવાઓ સાથે યોજાનાર આ કાર્યક્રમોના કારણે અનેક મધ્યમવર્ગીય લોકો ગરીબી તરફ વધુ આગળ વધી શકે તેવી શકયતાઓ પણ પેદા થતી જણાઈ રહી છે.

નગરમાં અત્યારે સીક્યુરીટીના પગલે હાલ તો તમામ લારી ગલ્લાવાળાઓ, ચાની કિટલી વાળાઓ વગેરે મધ્યમવર્ગીય અને ગરીબ શ્રમજીવીઓને હટાવી દેવાયાં છે. પરંતુ આગામી દિવસોમાં રીક્ષા અને જીપોને તા. ૭ થી ૧૩મી જાન્યુઆરી દરમિયાન સદંતર બંધ કરી દેવાશે. અને તે માટેના મૌખિક આદેશો પોલીસ તંત્રમાં અપાઈ ચુકયા છે તેવી જાણકારી મળવા પામી છે. જો આ પ્રમાણે હુકમો અને તેનો અમલ થશે તો વિકાસ અને રોજગારીના નામે સરકારી તંત્ર દ્વારા યોજાતા આ મોટા તાયફાઓ હકીકતમાં મધ્યમવર્ગીય શ્રમજીવીઓ જેવા કે રીક્ષા ચાલકો,

● અનુસંધાન પાન-૭ પર

# વાયબ્રન્ટ સમિટના અવસરે યોજાનાર સેમિનારોમાં મહાનુભાવોનો ભારે જમાવડો

ગાંધીનગર, તા.૪

ત્રણ દિવસ ચાલનારી વાયબ્રન્ટ સમિટ દરમિયાન મહાત્મા મંદિરના વિવિધ સેમિનાર હોલમાં જુદા જુદા વિષયો અંગે સેમિનાર યોજાશે. આ સેમિનારોમાં જે તે ક્ષેત્રના દેશ વિદેશના દિગ્ગજો ઉપસ્થિત રહી પોતાના જ્ઞાનની આપ લે કરશે.

સંરક્ષણ ક્ષેત્રે ઉભરી રહેલી તકોનો લાભ લેવા અને ભારતમા સંરક્ષણ સાધનોના ઉત્પાદન માટે નીતિ નિર્ધારણ તેમજ યોગ્ય માળખા અંગે ચર્ચા વિચારણા કરવા માટે ૧૧મી જાન્યુઆરીના રોજ 'ગુજરાત-સંરક્ષણના સાધનોના ઉત્પાદન માટેનું પસંદગીનું કેન્દ્ર' વિષય પર સેમિનારનું આયોજન ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા કરવામા આવ્યું છે. આ સેમિનારમાં બોઈંગ ઈન્ડિયાના પ્રેસીડેન્ટ શ્રી પ્રત્યુશ કુમાર, ભારત ફોર્જના બાબા કલ્યાણી, ડીઆરડીઓના સુદર્શન કુમાર, ઓર્ડિનન્સ ફેકટરી બોર્ડના સોમેન્દ્ર યમદગ્નિ, રોલ્સ રોય ઈન્ડિયાના પ્રેસીડેન્ટ કિશોર જયરામન, એલ એન્ડ

● અનુસંધાન પાન-૭ પર

# નવા વર્ષના કેલેન્ડર અને ડાયરી એ પ્રજાજનોની અનિવાર્ય જરૂરીયાત બની

## તારીખ, તિથિ, ચોઘડીયાં અને માસવારની વિશેષ નોંધ માટે કેલેન્ડર ઉપયોગી, જ્યારે ડાયરીમાં દૈનિક નોંધ થાય છે

ગાંધીનગર, તા. ૪

વર્ષ ૨૦૧૪ પૂર્ણ થતાં જ નવા વર્ષ માટેના કેલેન્ડર અને ડાયરીની માંગ વધી જાય છે. જો કે નવા વર્ષના કેલેન્ડર અને ડાયરી એ પ્રજાજનો માટે જરૂરિયાત બની હોવાથી વ્યવસાયિક ક્ષેત્રો વિજ્ઞાપનના ઉદ્દેશથી અગાઉ જ કેલેન્ડર બનાવડાવીને વહેંચણી શરૂ કરી દે છે. અને કેલેન્ડર થકી જ પ્રજાજનો પોતાના કાર્યક્રમો નક્કી કરતાં હોવાથી દરેક ઘેર, કચેરીઓ અને તમામ ક્ષેત્રો કેલેન્ડર ઉપલબ્ધ કરી લેતા હોય છે. જે કારણે હાલમાં કેલેન્ડર અને ડાયરી મેળવવા નક્કી હોય તે સ્થળે પ્રજાજનોની હાજરી વધારે જોવા મળી રહે છે.

દિપાવલી કે હિસાબી વર્ષે કેલેન્ડર કે ડાયરીની જેટલી માંગ નથી હોતી તેટલી માંગ વર્ષની શરૂઆતમાં રહે છે. હાલમાં જ શરૂ થયેલું ૨૦૧૫નું વર્ષ પોતાની ભીતરમાં અનેક તહેવારો અને વિવિધતા સમાવીને આવ્યું છે ત્યારે પ્રજાજનો પણ ૨૦૧૫ના કેલેન્ડર મેળવવા જે તે નક્કી સ્થળે પહોંચી જાય છે. જો કે તારીખ, તિથિ, ચોઘડીયા અને માસવારની વિશેષ નોંધ માટે કેલેન્ડર પ્રજાજનોની અનિવાર્ય જરૂરિયાત બની ચુક્યુ છે. જ્યારે ડાયરી એ દૈનિક નોંધ માટે ઉપયોગી હોવાથી તે પણ એટલી જ મહત્વતા ધરાવે છે. હાલમાં વ્યવસાયિક ક્ષેત્રોમાં આવેલી હરીફાઈથી આ ક્ષેત્રો પોતાના વિજ્ઞાપનને ઘેર ઘેર પહોંચાડવા કેલેન્ડર બનાવી નિઃશુલ્ક વહેંચણી કરે છે. જ્યારે અમુક ક્ષેત્રો પોતાના સભ્યો કે કર્મચારીઓ માટે ખાસ આ વ્યવસ્થા કરતા હોય છે.

દરેક ઘેર, કચેરીઓ અને સંસ્થાઓ સહિતના સ્થળોએ જુદા જુદા પ્રકારના આકર્ષક કેલેન્ડર જોવા મળે છે. ઘરની જરૂરિયાત બનેલા કેલેન્ડરમાં દરેક પ્રકારના ધર્મને આવરી લેતી તિથિઓ દર્શાવે છે તો જે તે માસમાં શુભ-અશુભ દિવસ પણ દર્શાવી પ્રજાજનોના સારા કાર્યોમાં મદદરૂપ બને છે. વધુમાં બાજુમાં જ વિશેષ નોંધના ખાના પણ પૂરા પડાય છે જેથી તેમાં લાઈટ-બીલ, ટેલીફોન બિલ, દૂધ, તેલનો ડબ્બો, તથા ઘરેલુ ગેસની નોંધા પાડી ગૃહીણીઓ પોતાના બજેટને સમતોલ કરવાનો પ્રયત્ન કરે છે. જ્યારે આ કેલેન્ડરમાં કર્મચારીઓ માટે મહિનામાં આવતી રજાઓનું ધ્યાન રહે તે હેતુથી લાલ સહીમાં દર્શાવી અગમચેતી અપાય છે. જ્યારે વર્ષની તૈયાર થતી ડાયરીએ ઘર માટે, વકીલો તથા કંપનીના હોદ્દેદારો માટે અગત્યનું કામ કરે છે. આ ડાયરીમાં નામ, સરનામુ, ફોન નં., વ્યવસાયિક વિગતો, અન્ય જરૂરી માહિતી તથા દૈનિક નોંધ અને અગાઉથી જે તે તારીખની નોંધ વગેરે સમાવી યાદદાસ્તને આરામ આપે છે.

આમ કેલેન્ડર અને ડાયરી એ દરેક પ્રજાજનોમાં અનિવાર્ય અંગ બની ગયું છે અને તેથી જ હાલ પ્રજાજનો આ કેલેન્ડર અને ડાયરી મેળવવા પ્રયાસોમાં નજરે પડી રહ્યા છે.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
C. PVC, UPVC
BENELAVE
BATH FITTINGS
DR. FIXIT
FOR HEALTHY CONSTRUCTION
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**નવી પહેલ:** ૨૧મી સદીના કૌશલ્યો ગ્રામ્ય વિસ્તારના બાળકોને આંતરરાષ્ટ્રીય અનુભવો સાથે શિખવતી એક અનોખી શાળા શરૂ થઈ

# રર્બનાઈઝેશનની દિશામાં શિક્ષણના ક્ષેત્રમાં યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈડર (સાબરકાંઠા)ની નક્કર શરૂઆત

ઈડરઃ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ રર્બનાઈઝેશન નેશનલ મિશનની સ્થાપના ગામડામાં શહેરની સમકક્ષ શિક્ષણ, આરોગ્ય, ખેતી, એનર્જી અને સડકો માટે માળખાગત સુવિધાઓ ઉભી કરવા કરી છે. પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. કલામના INDIA VISION - 2020ના PURA (PROVIDING URBAN AMENITIES IN RURAL AREA) મોડેલનો આશય પણ આજ સુવિધાઓ ગ્રામ્ય વિસ્તારમાં ઉભી કરી ગામ અને શહેર વચ્ચેની ભેદરેખાને ઓછી કરી ગામડામાંથી શહેરમાં થતા સ્થળાંતરને અટકાવવાનો છે. આ જ દિશામાં નક્કર આયોજન સાથે ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે 'ગુજરાત રર્બન મોડેલ' બનાવ્યું છે.

આ ત્રણેય મહનુભાવોના ખ્યાલોને શિક્ષણના ક્ષેત્રમાં હકીકતમાં પરિવર્તિત કરવાની એક નક્કર શરૂઆત ઈડર (સાબરકાંઠા) ખાતે યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલે કરી છે. ૨૦૧૨માં શરૂ થયેલ ગુજરાતી અને અંગ્રેજી બંને માધ્યમમાં પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ આપતી યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈડર આસપાસના ગ્રામ્ય વિસ્તારના બાળકોને આંતરરાષ્ટ્રીય અનુભવો સાથે શહેરના શિક્ષણને સમકક્ષ સુવિધાઓ અને ગુણવત્તા સાથેનું શિક્ષણ આપી રહી છે.

યુનિક-યુ સ્કૂલ રર્બઈનાઈઝેશનના ક્ષેત્રમાં નીચેના ખ્યાલોને હકીકતમાં પરિવર્તિત કરી રહી છે.

**ગામ-શહેર વચ્ચેનો ભેદ ઓછો કરવો :**

*મોટા શહેરોમાં જે પ્રકારના અનુભવો અને કૌશલ્યો સાથેનું શિક્ષણ મળે છે તેવું શિક્ષણ આ સ્કૂલમાં ગ્રામ્ય વિસ્તારના બાળકોને મળે છે. અહીં રાષ્ટ્રીય સ્તરના નિષ્ણાંતો સમયાંતરે આવી બાળકોને પોતાના અનુભવો આપે છે. શહેરમાં થતી વિવિધ સ્પર્ધાઓમાં બાળકો ભાગ લે છે. પબ્લીક સ્પીકીંગ, આર્ટ અને ક્રાફ્ટ, આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાત્મક પરીક્ષાઓની પ્રાથમિક કક્ષાએથી જ તૈયારી, સ્પોકન ઈંગ્લીશ અને શબ્દભંડોળની વિશેષ તાલીમ આ બધા કૌશલ્યો બાળકોને નિયમિત રીતે શીખવવામાં આવે છે.*

**પરિણામ વાલીના મુખેથી:** *જીતુભાઈ નાયક, આચાર્ય, વેરાબળ, "મોટા શહેરમાં ઉપલબ્ધ શિક્ષણને સમકક્ષ શિક્ષણ અહીં ઉપલબ્ધ થતા અમને મોટી રાહત થઈ છે. મારા બંને બાળકો આ શાળામાં ત્રણ વર્ષથી અભ્યાસ કરે છે. આ શાળા ન બની હોત તો અમે બાળકોને અમદાવાદ ભણવા મૂકવાનું વિચારતા હતા."*

**ગામમાંથી શહેરમાં થતું સ્થળાંતર અટકાવવું :**

*ત્રણ વર્ષમાં આશરે ૫૦ પરિવાર શિક્ષણની આ સગવડ ઈડર ખાતે ઉપલબ્ધ થતાં માદરે વતન પાછા ફરી આ શાળામાં તેમના સંતાનોને ભણાવી રહ્યા છે. ૧૦૦ જેટલા પરિવારો શિક્ષણ અર્થે શહેરોમાં સ્થળાંતર કરવાનું વિચારતા હતા તેમણે હવે યુનિક-યુ સ્કુલના ગુણવત્તાસભર અને અનુભવયુક્ત શિક્ષણને ત્રણ વર્ષ સુધી સમજ્યા પછી પોતાના બાળકોમાં આવેલ ઈચ્છિત પરિણામોથી સંતુષ્ટ થઈ, સ્થળાંતરની યોજના મુલત્વી રાખી છે. હોસ્ટેલમાં મુંબઈ, અમદાવાદ, વડોદરા, વાપી, અંકલેશ્વર, ગાંધીનગર ખાતે અભ્યાસ કરતા ૨૦ જેટલા બાળકો હાલ પોતાના પરિવાર સાથે રહીને આ સ્કૂલમાં અભ્યાસ કરી રહ્યા છે.*

**પરિણામ વાલીના મુખેથી:** *શ્રી શશીકાંત પટેલ, સરપંચ-થુરાવાસ, "મારો દિકરો ચિંતન યુનિક-યુ સ્કૂલમાં અભ્યાસ કરે છે. મેં પહેલા અમદાવાદની શ્રેષ્ઠ સ્કૂલમાં હોસ્ટેલ સાથે પ્રવેશ અપાવ્યો હતો. ઈડરની આ સ્કૂલમાં મારા દિકરાને મળતા વિવિધ અનુભવો, વૈદિક ગણિતની તાલીમ તથા કાળજીપૂર્વકના વ્યક્તિગત ધ્યાનથી હું ખૂબ જ ખુશ છું. અમદાવાદની સરખામણીએ પાંચમા ભાગના ખર્ચમાં હાલ મારો દિકરો પરિવારની સાથે રહીને ભણી રહ્યો છે."*

**ગ્રામ્ય વિસ્તારમાં રોજગારીની તકો સર્જવી :**

*યુનિક-યુ સ્કુલના ઈડર અને દરામલીના બે કેમ્પસમાં ૫૦ થી વધુ સ્થાનિક લોકો માટે રોજગારીની તકોનું નિર્માણ થયું છે. ઘરઆંગણે રોજગારીની તક મળતાં સ્થાનિક લોકો વધુ બચત કરી શકે છે. સવાર-સાંજ તેઓ પોતાના પરંપરાગત વ્યવસાયમાં પોતાનું યોગદાન આપી શકે છે. ૨૧ જેટલા વિવિધ ગામોના ટ્રાન્સપોર્ટસને બાળકોને શાળાએ પહોંચાડવાના કામમાં નિયમિત આવકનો સ્રોત મળ્યો છે. આ સાથે સ્ટેશનરી, કરીયાણું, કાપડ સાથે સંકળાયેલ દુકાનદારો માટે આવકનો સ્રોત આ શાળા દ્વારા ઉભો થયો છે.*

**પરિણામ સહકાર્યકરના મુખેથી:** *શૈલેષ પ્રજાપતિ, એકેડેમિક કો-ઓર્ડિનેટર, ચિત્રોડા, "હું અને મારા પત્નિ છેલ્લા અઢી વર્ષથી આ શાળામાં કાર્યરત છીએ. આર્થિક રીતે પગભર થવાની સાથે અમને ઘણા પ્રોફેશનલ કૌશલ્યો શિખવા મળ્યા છે. મારો સામાજિક મોભો વધ્યો છે. ખાસ કરીને, ઘર આંગણે અમારી પ્રગતિથી મારા માતા-પિતા ખૂબ ખુશ થયા છે."*

**ભૌતિક અને ઈલેક્ટ્રોનિક જોડાણ સુધારવું :**

*ઈડર અને દરામલીની આસપાસના ૩૦ કિ.મીના વિસ્તારમાં આવેલ ૭૫ થી વધુ ગામડાઓના બાળકો માટે વાહનથી શાળાનું જોડાણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. આંતરિયાળ વિસ્તારના ગામડાના વાલી માટે પણ આ વ્યવસ્થાથી બાળક માટે શહેરની સમકક્ષ અનુભવ યુક્ત શિક્ષણની વ્યવસ્થા શક્ય બની છે.*

*ઈલેક્ટ્રોનિક્સ જોડાણમાં શાળાનું કેમ્પસ વાઈફાઈ છે. ઈન્ટરનેટથી બાળકો વિશ્વ સાથે જોડાયેલ છે. સ્કાઈપથી બાળકો વિશ્વની અન્ય સ્કૂલના બાળકો, શિક્ષકો, વૈજ્ઞાનિકો અને નિષ્ણાંતો સાથે વાત કરે છે. ઈલેક્ટ્રોનિક્સ જોડાણથી ગ્રામ્ય વિસ્તારનો બાળક ખરા અર્થમાં વૈશ્વિક અનુભવો, જ્ઞાન અને કૌશલ્યો મેળવી રહ્યો છે.*

**પરિણામ વાલીના મુખેથી:** *શ્રી દિનેશ પટેલ, ઉદ્યોગ સાહસિક અને ખેડૂત, ચિત્રોડા, "મારા બે બાળકો ત્રણ વર્ષથી આ શાળામાં અભ્યાસ કરે છે. મારું ગામ ઈડર થી ૨૦ કિ.મી. દૂર છે. ટ્રાન્સપોર્ટેશનની ફેસીલીટીથી મારા બાળકોને આ પ્રકારનું શિક્ષણ મેળવવાની તક મળી છે."*

**જીવનધોરણમાં સુધાર :**

*૫૦ સ્થાનિકો જે સ્કૂલમાં રોજગારી મેળવે છે તેમના જીવનમાં આર્થિક સામાજિક અને વ્યવસાયિક ગુણવત્તામાં સુધારો થયો છે. નોકરીને કારણે સામાજિક મોભો વધ્યો છે. વ્યવસાયિક તરીકે યોગ્ય વાતાવરણ અને તાલીમ મળતાં તેમના જ્ઞાન, કૌશલ્યો અને અભિગમમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે. ૨૧ ટ્રાન્સપોર્ટર્સની આર્થિક આવક વધતાં જીવનધોરણ સુધર્યું છે. ૫૦ થી વધુ કુટુંબને જે પહેલા અભ્યાસ અર્થે શહેરોમાં સ્થળાંતરિત થયા હતાં તેમને વાર્ષિક ઘણા ઓછાં રોકાણમાં શહેરની સમકક્ષ શિક્ષણની તકો ઉભી થતાં બચત થયેલા નાણાં આડકતરી રીતે જીવનધોરણમાં સુધાર લાવ્યા છે.*

**પરિણામ ટ્રાન્સપોર્ટરના મુખેથી:** *ભાટી વિજયસિંહ, ભાણપુર-વસાહત, ટ્રાન્સપોર્ટર, "છેલ્લા ત્રણ વર્ષથી ચોરીવાડ રૂટ ઉપર યુનિક-યુ સ્કૂલના બાળકોને હું લાવું છું. જૂની વાનને બદલે નવી મેજીક ખરીદી છે. આવતા વર્ષે બસ લેવાનું આયોજન છે. નિયમિત આવક મળતાં આર્થિક રીતે પગભર બન્યો છું. આ સાથે મારા દિકરાને પણ આ શાળામાં અભ્યાસની તક મળી છે."*

**ગામડાનું વૈશ્વિકરણ :**

*રર્બનાઈઝેશનનો એક આશય વૈશ્વિક ગામ બનાવવાનો છે. યુનિક-યુ સ્કૂલે ત્રણ વર્ષમાં ૭૦૦ થી વધુ બાળકોને વૈશ્વિક નાગરિક તરીકે ઘણા અનુભવો આપ્યા છે. ૨૫ થી વધુ દેશોના શિક્ષકો અને નિષ્ણાંતોએ શાળામાં આવી બાળકોને ભણાવ્યા છે. બ્રાઝીલના અંગ્રેજી વિષયના શિક્ષિકા હાલ ૪૫ દિવસ સુધી શાળામાં અંગ્રેજી શિખવી રહ્યા છે. સાથે સાથે ૧૫ જેટલા ગામોમાં જઈ વાલીગણની સાથે આંતરરાષ્ટ્રીય અનુભવોની પરસ્પર આપલે કરી છે. પી.એન.જી. દેશના ભારત ખાતેના મહામહિમ ઉચ્ચાયુક્ત શાળાના મહેમાન બન્યા હતા. બ્રિટિશ કાઉન્સિલ (લંડન) આંતરરાષ્ટ્રીય અનુભવો આપવાના આ નક્કર કાર્યને જોઈને શાળાને ISA (ઈન્ટરનેશનલ સ્કૂલ એવોર્ડ) આપ્યો છે. આ એવોર્ડ મેળવનાર યુનિક-યુ સમગ્ર ઉત્તર ગુજરાતની પ્રથમ અને એકમાત્ર સ્કૂલ છે.*

**પરિણામ વાલીના મુખેથી:** *રાજેશ શાહ, ઈડર, સ્ટેમ્પ વેન્ડર, "મારા બંને સંતાનો બે વર્ષથી આ શાળામાં અભ્યાસ કરે છે. ગયા વર્ષે અમારા પ્રવાસ દરમિયાન મારી દિકરીએ જ્યારે જાપાનના પ્રવાસીઓ સાથે જાપાનીઝ ભાષામાં વાત કરી ત્યારે મને ખબર પડી કે આ શાળામાં આંતરરાષ્ટ્રીય ભાષાઓ અને કૌશલ્યો શિખવાય છે."*

**ગૌરવવંતુ આમંત્રણઃ**
પી.એન.જી. દેશના હાઈકમિશ્નર તરફથી તેમના દેશમાં યુનિક-યુ જેવી ગ્રામ્ય વિસ્તારની મોડેલ સ્કૂલ વિકસાવવા યુનિક-યુ સ્કૂલને નોલેજ પાર્ટનર તરીકે આમંત્રિત કરવામાં આવી છે.

**બાર ગામ કડવા પાટીદાર સમાજ સાથે મળીને દરામલીમાં બીજી યુનિક-યુ સ્કૂલની શરૂઆત.**

બાર ગામ કડવા પાટીદાર સમાજના મંત્રી, સોમભાઈ જાગીરદારના જણાવ્યા પ્રમાણે, "અમે અમારી આસપાસના બાળકો માટે ઘરઆંગણે એવી સ્કૂલ બનાવવા માંગતા હતા કે જે કેન્દ્રિય સ્તરના અભ્યાસક્રમને વૈશ્વિક અનુભવો સાથે શિખવાડે તથા આઈ.ટી.-કોમ્પ્યુટરની મદદથી શિક્ષણકાર્ય થાય. આ સાથે અમારા માટે અગત્યની બાબત હતી શિક્ષણ સાથે સંસ્કારો અને મૂલ્યોના સંવર્ધન માટેના પણ પૂરતા પ્રયત્નો થાય. આ સ્કૂલ માટે માળખાગત સુવિધાઓતો અમે ઉભી કરી પણ શિક્ષણ તથા શાળાના વ્યવસ્થાપન માટે અમે અનુભવી કુશળ સંચાલકોને આ કામ આપવા માંગતા હતા. અમારા સંચાલક મંડળે આ માટે ઘણી શાળાના સંચાલકો સાથે મુલાકાતો કરી પરંતુ જ્યારે અમે યુનિક-યુ સ્કૂલ ઈડરની મુલાકાત કરી ત્યારે અમને એમ લાગ્યું કે અમારી બધી અપેક્ષાઓના જવાબ અમને અહીં મળી ગયા છે. છેલ્લા બે વર્ષથી અમે સંયુક્ત રીતે આ સ્કૂલ ચલાવી રહ્યા છીએ અને મને ખૂબ સંતોષ છે કે ઘર આંગણે સંસ્કારો સાથે ટેકનોલોજીની મદદથી અદ્યતન શિક્ષણ અમે અમારી નવી પેઢીને આપી રહ્યા છીએ."

**યુનિક-યુ સ્કૂલની વિશિષ્ટ સિદ્ધિઓ:**

- ૨૦૧૨-૨૦૧૩ - સુપર ૩૦ના શ્રી આનંદકુમારના હસ્તે ટાઈમ્સ રીસર્ચ દ્વારા રાષ્ટ્રીય એવોર્ડ.
- ૨૦૧૩-૨૦૧૪ - બ્રિટિશ કાઉન્સિલ, ઈંગ્લેંડ (UK) દ્વારા ઈન્ટરનેશનલ સ્કૂલ એવોર્ડ (ISA).
- ૨૦૧૪-૨૦૧૫, ૨૦૧૫-૨૦૧૬ અને ૨૦૧૬-૨૦૧૭ માટે બ્રિટિશ કાઉન્સિલનો અધિકૃત દરજ્જો.
- કાઉન્સિલ ફોર ગ્લોબલ એજ્યુકેશન, USA દ્વારા કિરણ બેદીના હસ્તે ઈન્ટરનેશનલ એજ્યુકેશન ઈનોવેટર એવોર્ડ, સપ્ટેમ્બર-૨૦૧૪.
- એજ્યુકેશન વી વોન્ટ તરફથી નૂરજહા બેગમ (ગ્રામીણ બેંક, બાંગ્લાદેશ)ના હસ્તે ઈનોવેશન-ઈન-પ્રોસેસ ફેલોશીપથી સન્માનિત, સપ્ટેમ્બર-૨૦૧૪.

**યુનિક-યુના બાળકોની વિશિષ્ટ સિદ્ધિઓ:**

- ઓલ ઈન્ડિયા, મેથ્સ રામાનુજન ક્લબ-ક્વીઝ સ્પર્ધામાં રાષ્ટ્રીય સ્તરે પ્રથમ (૧૭ રાજ્યોના બાળકોએ ભાગ લીધો.)
- નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ - ૨૦૧૪માં રાજ્યકક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ
- ભારતકો જાનો - ક્વિઝ માં સળંગ બે વર્ષથી રાજ્યકક્ષાએ નોંધપાત્ર દેખાવ
- ઈગ્નાઈટ - રાષ્ટ્રીય સ્પર્ધામાં - IIM-અમદાવાદ ખાતે ૨૫ બાળકોએ નવસંશોધન માટે વિચાર નોંધાવ્યા.
- ઈન્ડિયન સાયન્સ ઓલમ્પિયાડમાં રાષ્ટ્રીય કક્ષાએ શાળાના વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ટ દેખાવ.
- લોજીક સ્કૂલઃ મેથ્સ, રીઝનીંગ અને અંગ્રેજીમાં આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાત્મક સજ્જતા.

**ગુજરાતી માધ્યમના બાળકોના અંગ્રેજી વિષયના પાયાના કૌશલ્યો વિકસાવવા માટે સ્કૂલના વિશિષ્ટ પ્રયત્નો ગ્રામ્ય બાળકોને બનાવશે, ગૌરવવંતા ગ્લોબલ ગુજરાતી.**

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com